# ઋણ સ્વીકાર

વાગીશ્વરીને અર્ઘ્ય આપતી વેળાએ જેમની શુદ્ધહૃદયભાવનાઓની આહૂતિઓ થકી આ યજ્ઞકાર્ય શક્ય બન્યું એમને વિસારું તો મા સરસ્વતી એ અર્ઘ્ય કેમ સ્વીકારે? હું ઋણી છું મારી ધર્મ પરાયણ મા નો કે જેમના પ્રેમ અને હૂંફમાં પયપાન સાથે મારા કાન પદ-ધોળ-કીર્તન અને લોકગીતોનું પાન પણ પામ્યા. હું ઋણી છું મારા દેવતુલ્ય પિતાનો કે જેમણે મારા તરંગી મિજાજને ક્ષમ્ય ગણ્યો અને વયનિવૃત્તિ પછી પણ મારી વ્યાવહારિક ક્ષેત્રે અકૂશળતા અને નીરસતાને કારણે વ્યાવહારિક પારિવારિક જવાબદારીનો બોજ કશી ફરિયાદ વગર ઉપાડ્યા રાખ્યો, અને મારી ઈત્તર વૃત્તિ-પ્રવૃત્તિને બેરોકટોક પાંગરવા દીધી. જ્યારે કવિ તરીકે જગત મને ઓળખતું નહોતું ત્યારે વિદેશ પ્રવાસની વ્યસ્તતા વચ્ચે પણ મારા વતી મારી કવિતાઓને લઇ સામાયિકના તંત્રીઓને રૂબરૂ મળવા જનાર પ્રિય અશ્વિનભાઈનું ઋણ તો કેમ ચૂકવી શકાય? એ ઋણ તો ભલે જ રહ્યું, ઋણ ચૂકવવાના બહાને ભવોભવ ફરીફરી મળીશું. મારી રચનાઓની પ્રથમ વાચક, અનેક વખત સર્જનક્ષણોની સાક્ષી, મિત્ર અને અર્ધાંગના, મનિષાનો હું ખૂબ આભારી છું. અમૂક રચનાઓ એણે ગાઈ અને સૂરબધ્ધ કરી છે, તો ગીતમાં ગેયતા લાવવા ક્યારેક જરૂરી સુધારાઓ પણ સૂચવ્યાં છે.

ગુણવત્તાના ધોરણો જાળવવા પ્રતિ અતિ જાગરૂક અને દિવસ-રાત થકવી દેનારી તંત્રી તરીકેની જવાબદારી વહન કરતા 'નવનીત-સમર્પણ'ના તંત્રી શ્રી દીપકભાઈ દોશીએ ખાસ સમય ફાળવી પુસ્તકની સુંદર પ્રસ્તાવના લખી આપી એ બદલ એમનો આભાર માનુ એટલો ઓછો છે. આ સમગ્ર ઘટનાક્રમને હું પરમેશ્વરીના અનુગ્રહ તરીકે જ જોઉં છું. સરસ્વતીપૂજનના આ પ્રસંગે ગમતા કવિ મકરંદભાઈ દવેના ખોળે રમીને મોટા થયેલા અને ભજન સાહિત્યના મરમી એવા ડો. નિરંજન રાજ્યગુરુ સાહેબનો પણ શબ્દોના તોરણ બાંધી આપવા બદલ હૃદયપૂર્વક આભારી છું. અસ્મિતાપર્વ જેવા મંચ થકી ગુજરાતી સાહિત્યને પાણી પાઈ સિંચવા બદલ સમગ્ર ગુજરાતનું સાહિત્યજગત હંમેશ માટે જેમનું ઋણી રહેશે એવા કલાના પારખું, મર્મજ્ઞ, આદરણીય શ્રી મોરારીબાપુના આશીર્વચનોના કળશ થકી મારી રચનાઓ અભિષિક્ત થઇ એ અમારા માટે ગૌરવની ક્ષણો. પૂ. બાપુના પ્રેમ માટે સદૈવ ઋણી. જેમણે સતત ધક્કા મારી

મારીને મને અને મારી કવિતાઓને આ ક્ષણે આ મુકામે લાવી મૂક્યા છે એવા સહૃદયી મિત્ર રાજુભાઈ દવેને તો કેવી રીતે વિસરાય? એ ન હોત તો મારી લહેરી અને આળસુ પ્રકૃતિને કારણે આ કાર્ય કદી શક્ય ન બન્યું હોત. સર્જનયાત્રામાં સંભવ અભાન ભયસ્થાનો અને સર્જકતાના આયામો પ્રત્યે સ્નેહવશ માર્ગદર્શન આપનાર કવિ શ્રી કમલ વોરાનો પણ કવિતા પ્રત્યેની મારી સમજ પર ઊંડો પ્રભાવ પાડવા બદલ આભારી છું. હું આત્મીય વડીલજન શ્રી રશ્મિકાંત પંડ્યાનો પણ આભારી છું. 'અર્ઘ્ય' ત્રિમાસિકના પ્રકાશન સંબંધી કાર્યોમાં તેમની સોબતમાં જે કામ કરવાનો અવસર મળ્યો એના પરિણામે ચીવટ, ખંત અને સમતોલનના પાઠ શીખવા મળ્યા. કાવ્ય સંબંધી તેમના પ્રોત્સાહન અને માર્ગદર્શન સદૈવ ઉપકારક નીવડ્યા છે.

જગતથી દૂર એકાંત ખૂણે મનની મોજના ગીતો ગાતો ત્યારેય અમુક ખાસ સંબંધીઓ-મિત્રો વાંચતા અને પ્રોત્સાહન આપતા. તેઓને યાદ કરી આભાર માની લઉં. મિત્ર સંજય ઠાકર, ડો. યોગેશ ખાંડવી, ડો. તુષાર વિઠ્ઠલાણી, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, કવિ વિહંગ વ્યાસ, યોગેશભાઈ રાજગુરુ, શૈલેશભાઈ શુક્લ, પારૂલબેન અ. ત્રિવેદી, સુનીતાબેન સરિયા અને યાદીમાં નથી સમાવી શકાયા એવા અનેક યાત્રાપથના ભેરુઓનો આભાર માનું છું.

સર્જન, સર્જકતાની પળોએ સર્જાતી મનોદશા, એ પછી કેડો ન છોડતી વિચારવીથિકા... આ બધાના કારણે નીકટના લોકોને સમય આપવામાં, જવાબદારી નિભાવવામાં અન્યાય કરી બેસાયું હોય એવું બન્યું જ છે, અને બનતું રહે છે. ચિ. સહજ, તને ફાળવવાના સમય પર કાપ મૂકી એ સમય કવિતાને ફાળવી દીધો એ માટે તારો ઋણી રહું, આભારી થાઉં કે ગુન્હેગાર ગણાઉં? ખબર નથી. પણ આપણો પ્રેમ આ અંતરાયોથી ઉપર રહેશે એવો ભરોસો રાખું તો અસ્થાને નથી, યથાર્થ જ છે.

આ સમગ્ર ઉપક્રમ જેના થકી સાકાર થયો એ બદલ પ્રકાશક ZEN OPUSની ટીમનો ખૂબ ખૂબ આભારી છું. તેઓની ભાષાકર્મ પ્રત્યેની ચીવટ, મુદ્રણ, આવરણ સજ્જા એ બધા માટે હૃદયપૂર્વક ઋણસ્વીકાર સાથે આભાર વ્યક્ત કરું છું.

**– ડૉ. ભરત ગોહેલ**

તા. ૨૬-૦૨-૨૦૨૫, બુધવાર (મહા શિવરાત્રિ)

# એની ઇચ્છા!

સાવ અમસ્તા, સાવ અકારણ, આવી પહોંચે સાવ અચાનક; એની ઇચ્છા!
ના વરતારો, ના આગાહી, ક્યારે ચડશે કેવું ચાનક; એની ઇચ્છા!

તપ - તૈયારી જખ મારે ને, પા'ણા માથે કૂંપળ કોળે કાળી રાતે;
પહેલે નંબર પાસ કરી દે, પરવાનો પણ દઈ દે માનદ; એની ઇચ્છા!

કોઈ બાવરી દર્શન પામી, લજ્જા ત્યાગી, ઢોલ પીટીને નાચે ગાયે;
કોઈ ફાટી આંખોથી, બસ જોવે પીવે મૂક અવાચક; એની ઇચ્છા!

ક્યાંક બળેલાં ઠૂંઠા ઉપર કોમળ - કોમળ પલ્લવ ફૂટે લીલા - લીલા;
ક્યાંક નવેલા ઉગતા અંકુર, તાપે દાઝે હૃદય-વિદારક; એની ઇચ્છા!

મોટા - મોટા મંદિર - મૂરત, પથ્થર ખડક્યો પહાડ બને ને; એની સામે-
ધૂળ ધફામાં ચેતન જાગે, થઈ જાતું અનહદનું થાનક; એની ઇચ્છા!

ક્યાંક જગો - માધો છે સૌમાં, અંગુલીમલ, ક્યાંક વાલીયો દેખા દે છે;
ક્યાંક રહે છે સાથે સાથે, મીરાં - નરશી તેમજ નાનક; એની ઇચ્છા!

થાવાનું થઈને રહેવાનું, કરવાનું પણ કરતા રહેવું જોર લગાવી;
હોઠે - હૈયે, એક જ મંતર; કાયમ જપતા રહેવું પાવકઃ 'એની ઇચ્છા!'

❖

# કૈં નથી!

શાપ કે વરદાન જેવું કૈં નથી;
જેમને અરમાન જેવું કૈં નથી.

શૂળ ભોંકી ગોપને લાગી શકે;
આમનું તો ધ્યાન જેવું કૈં નથી.[1]

એ ક્ષણે પાછું ખરું છે એય કે;
દેહ છે પણ કાન જેવું કૈં નથી.

એ સમયનું હોય છે, સમજો તમે-
માનવીના માન જેવું કૈં નથી.

કો'કની ખેરાત સૌ વહેંચ્યા કરે;
હા, ખરેખર દાન જેવું કૈં નથી.

તોય તે દીધું બને છે દાન, જે-
આપવામાં ભાન જેવું કૈં નથી.

લક્ષ પાકાં ફળ સમુ આવી પડે છે;
બાણ કે સંધાન જેવું કૈં નથી.

પત્ર તો એનો મળ્યો, એ ક્યાં મળે?
પત્રમાં એતાન જેવું કૈં નથી!

❖

. *સંદર્ભઃ ભરવાડે મહાવીરને કાનમાં ખીલા ભોંક્યા હતા એ પ્રસંગ*

# લખવું શું સરનામે?

અંગત અંગત કાગળ લખ્યો, લખવું શું સરનામે?
કેમ કરું તો કાગળ મારો, સીધા હરજી પામે?

કાગળમાં બે'ક આંસુ પાડ્યાં, બે'ક કરી ફરિયાદ;
બે'ક કરી મનડાંની વાતો, તોડી સહુ મરજાદ.
કાગળ ખૂટ્યાં ખડિયા ખૂટ્યાં, કલમ ન કાં વિરામે,
લખવું શું સરનામે?

આવડી અમથી છોડી તારે, આવડાં મોટાં હેત?
એમ સજન કયાં રેઢો પડ્યો, ભટકીશ થઈને પ્રેત.
ખાં-ખાં ખી-ખી એમ થઈ છે, હાંસી આખા ગામે,
લખવું શું સરનામે?

કોરી કોરી આંખ લખું કે, કોરા અક્ષર પાડું?
કે સરનામે ટાંકી દેવા, આખ્ખી છાતી ફાડું?
ભૂલી પડેલી ટપાલ હું રઝળું, આવીશ તું શું સામે,
લખવું શું સરનામે?

❖

# રામજીના ખેતરની ખેડ્યુ હો આપણી

રામજીના ખેતરની ખેડ્યું હો આપણી ને, રામજીના ખેતરના રોટલા;
રામ જેવા રાયનો રાખવાનો આશરો, રામજીના આભ અને ઓટલા.

રામ તણું નામ ઘણું સમજીને મૂડીમાં,
ખાનદાની ઉંચેરી રાખવી;
ખપનું ખલકનેય ફાડીને આવશે,
ભૂખને તે શીદને આરાધવી.

રામજીની આપેલી ચાદરના કરવા ના, પાપથી ભરેલ એવા પોટલાં...
રામજીના ખેતરની ખેડ્યું હો આપણી, રામજીના ખેતરના રોટલા...

જેની છે ધરણી ને જેના છે બીજ એ જ,
વેળાસર વારિ વરસાવશે;
સમજણમાં એટલું જ ગાંઠે હો બાંધવું કે,
સાદ સુણી દોડીને આવશે.

રામ નામ લીધું તે સાધન છે સાચું ને, બાકી તો થૂંક અને થોથલા...
રામજીના ખેતરની ખેડ્યું હો આપણી, રામજીના ખેતરના રોટલા...

❖

## અંધારા ઓજપાઈ ઊભા!

અંધારા ઓજપાઈ ઊભા!
આંખ્યુમાં તગતગતી, શગ તણી ફૂંકેથી; બળબળતા ઓલવાઈ ઊભા!
અંધારા ઓજપાઈ ઊભા!

અંધારા રગરગતા રાત્યુંને વિનવે કે, કાજળીયા ઘૂંટો ને આપો,
કાળી ડિબાંગ મેશ લાવીને લીંપો ને, કીકીઓમાં અંધારા ચાંપો.
દિવસ નહીં રાત નહીં, પૂનમ-અમાસ નહીં; એવો પરકાશ કાંઈ હારે?
તેલ વિના વાટ વિના, ઝળહળતા તેજથી; તિમિરાઓ ઝંખવાઈ ઊભા!
અંધારા ઓજપાઈ ઊભા!

કલ્મષ બ્રહ્માંડના એક સંપ સામટા, અજવાળા ભીંસીને નાચે;
અંધારે ઓગળતા અજવાળા જોઈને, જીત્યાના વ્હેમમાં રાચે!
અણધાર્યું દર્પણમાં જોતાં એ બડબડ્યું: પડછાયા શેના આ પાંગરે?
ભેદ હવે ખુલ્લો કે ઓછો અજવાસ એ તો, અંધારા ઓળખાઈ ઊભા!
અંધારા ઓજપાઈ ઊભા!

❖

## પ્રભુજી વાયક મોકલે...

પ્રભુજી વાયક મોકલશે તો, ત્યાં જાવાનું થાય જાડેજા;
ખાલી અપના ચરણ ચલે તો, શી રીતે પોગાય જાડેજા?

સહસ્ત્ર બોત્તેર નાડી અંદર, કૈક કડાકૂટ કામણ કૂટણ;
પાંચ પસાયતા પજવે પીટ્યા, ઉપર સૂતી સૂરતા સાપણ.
બાકસ સળીયું ઘસવાથી કૈં, પાટ ભલા પેટાય જાડેજા?
જ્યોત જલાવી બેસો તોયે, થઈ જાતી ઇ લાય જાડેજા... ખાલી અપના...

રોમ-રોમમાં તોળા-તોળા, લાળ ટપકતી ટપ-ટપ;
પાંપણીયા પર ઘોડી ખેલે, શૂળ ખટકતી ખટ-ખટ.
ચોર હોઈ તો ખીલ્લા ધરબ્યેય, ચૂં કે ચાં બોલાય જાડેજા?
ગંજી-પૂળા ઢાંકો તોયે, પ્રસાદ ચાડી ખાય જાડેજા... ખાલી અપના...

સતનું નાવડું એવું નમણું, બે જણનો ઇ ભાર ખમે ના;
બ્રહ્માંડો પાંપણ પર રાખે, નોખપ એને હાય ખપે ના.
હું ને મારું હોય હજી જ્યાં, શી રીતે સમજાય જાડેજા?
પંડનો પિંડો ચરણ ધરો તો, તોફાને ઊગરાય જાડેજા... ખાલી અપના...

ખાંડા પડતા મેલી અસ્ત્રી લૂગડાં ધોવા જાયે માટી;
લોકવેણની લાજ કરે ના અક્ષર ભૂંસ્યા કોરી પાટી.
એબ ઉઘાડી પડતા પાછળ, પળભર ના થોભાય જાડેજા;
જીવતા જેને સંતાપે એ, પીર થઈને પૂજાય જાડેજા... ખાલી અપના...

❖

# ટીપાં જેવડી તરસ અમારી...

ટીપાં જેવડી તરસ અમારી, છાંટામાં છલકાય;
ઓઘડ દાની ઊભો ઊભો, મરક મરક મલકાય.

ઝરણાં આપું, સરવર આપું, આપું સમદર સાત;
આપું એવું ખૂટે ના જે, ખર્ચ્યે દિવસ-રાત.
શું ચપટી? શું મુઠ્ઠી-ખોબો? શું ભીડી છે બાથ?
જે આપું એ ઝીલને ભઈલા, ખુલ્લા મેલી હાથ!
છાંટાની સાંકડને કિન્તુ, સાગર ક્યાં સમજાય? ઓઘડ દાની...

છાંટાની છલકામણ, ટીપું પડતા દે પડકારા;
તણખો આગ અડે એવામાં, બોકાસા-દેકારા.
પળી સરીખી પીડા મળતા, સણકારા-લવકારા;
શોષ પડે છાતી ભીંસાતી, હડફડતા ધબકારા.
જરીક અમથો તાપ પડતા, ટીપું જાય સુકાઈ; ઓઘડ દાની...

દરિયા જેવા દલડાં ક્યાં છે? મન કોનું છે વ્યોમ?
ગૌરી-પર્વત ભાર ખમી લે, એવી ક્યાં છે ભોમ?
વાક-વિચારો-વર્તન વાના, એક જ રોમે-રોમ;
કેને હોઠ સદા છલકાતા, જીવતર કેરા જોમ?
જાત ઉઘાડી કરવા એની, વાટ જુએ જગ-માંહ્ય; ઓઘડ દાની...

❖

## હૈયું આજ હિંદોલે

હૈયું આજ હિંદોલે...
કોઈ આવી કાન ફૂંકીને, અરવ અવાજે બોલે...

અંધારાને સત માનીને, બંધ કરું જ્યાં આંખ;
આગિયા જેવું જરાક ઝબકી, પૂરે છે કોઈ સાખ.
સાખ તણે સથવારે મારો સવાર કૂકડો બોલે...

તુમુલ મનનાં યુદ્ધ ખેલતાં, ચડે કદી જો હાંફ,
દૃષ્ટિનો રંડાપો આવે, સૂઝે કશું નહીં સાફ.
એવે વખતે જરીક ઝાંપલી, એ હળવેથી ખોલે...

વિરહ, વિષાદ કે નિષ્ફળતાઓ, ઘેરે પારાવાર,
બને આયખું ઘડીક વારમાં, જીવતું નર્કાગાર.
ગીત-કડી ધરી અધર પર, ગણગણતું કોઈ ડોલે...

જોડાજોડ જ્યાં હોઉં ત્યાં, કાયમ હારોહાર;
સુખનો એ સંગાથી મારો, દુઃખમાં મારી વ્હાર.
એના મોલ અમોને એવાં, કોઈ ન એની તોલે...

❖